ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# ૧૪મી વિધાનસભાની ૧૪ વણકથી વાતો...

- ૧૪મી વિધાનસભાએ રાજ્યને પ્રથમ મહિલા અધ્યક્ષા આપ્યા. ડૉ. નીમાબેન આચાર્ય અધ્યક્ષા બન્યા તે પૂર્વે પ્રોટોમ સ્પીકર અને બે વખત કાર્યકારી અધ્યક્ષા બાદ અધ્યક્ષા તરીકે પસંદગી પામ્યા.
- ૧૪મી વિધાનસભામાં આખે આખુ મંત્રીમંડળ ૨૦૨૧માં બદલાઈ ગયું.
- ૧૪મી વિધાનસભામાં સરકારના બદલાવની સાથે વિપક્ષમાં પરિવર્તનની હવા આવી અને વિપક્ષી નેતા તેમજ વિપક્ષના હોદ્દેદારો બદલાયા.
- ૧૪મી વિધાનસભાના ૧૦મા સત્રમાં ઢોર પકડ નિયંત્રણ બિલ પર છેલ્લા દિવસે મોડી રાત સુધી ચર્ચા ચાલી અને બિલ પસાર કરાયુ એજ બિલ ૧૧મા સત્રના પ્રથમ દિવસે જ રાજ્યપાલે પરત મોકલ્યુ અને સરકારે તે પાછુ ખેંચ્યુ આવી ઘટના પ્રથમવાર બની.
- ૧૪મી વિધાનસભામાં રાષ્ટ્રપતિ પદની ચૂંટણીનું મતદાન યોજાયુ પરંતુ આ દિવસે ગૃહની બેઠક ન હતી.
- ૧૪મી વિધાનસભામાં કોરોનાની મહામારીને પગલે સભ્યોની બેઠક વ્યવસ્થામાં સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે હેતુથી પ્રેક્ષક ગેલેરી બંધ કરાઈ અને પ્રેક્ષક દીર્ઘા તેમજ અતિથિ દીર્ઘામાં સભ્યોની બેઠક વ્યવસ્થા કરાઈ.
- ૧૪મી વિધાનસભાના ૧૦મા સત્રમાં સભ્યોનું ફોટોસેશન યોજાયુ જેને લઈ રાજ્યની રાજકીય ગતિવિધિઓ તેજ બની હતી.
- આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત બાલ વિધાનસભા ગૃહ યોજાયુ અને મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોએ પ્રેક્ષક દીર્ઘામાં બેસી તે નિહાળી. બાલ વિધાનસભા ગૃહમાં ગાંધીનગરનો યુવાન વિપક્ષના નેતા બન્યો હતો.
- વિધાનસભાના અધ્યક્ષપદેથી રાજીનામુ આપી રાજેન્દ્ર ત્રિવેદી મંત્રીમંડળમાં જોડાયા હતા. અગાઉ શશીકાન્ત લાખાણીએ અધ્યક્ષપદેથી રાજીનામુ આપી મંત્રીમંડળમાં સ્થાન લીધુ હતુ.
- ૧૪મી વિધાનસભામાં યુવા સભ્યો વધુ નોંધાયા અને ગાંધી ટોપી ગૃહમાંથી ગાયબ થઈ.
- ૧૪મી વિધાનસભાના કાર્યકાળમાં રાજ્યસભાની ચૂંટણીમાં કોરોનાથી પિડીત સભ્યોએ પી.પી.ઈ. કીટ પહેરી મતદાન કર્યુ હતુ.



## વિધાનસભાના દ્વારેથી
- પ્રકાશ જહા

- ૧૪મી વિધાનસભામાં ભૂપેન્દ્રબાઈ પટેલની સરકારમાં પહેલીવાર મંત્રીઓના ખાતા પરત લેવાયા બાદ પણ ક્રમમાં કે બેઠક વ્યવસ્થામાં ફેરફાર કરાયો ન હતો.
- ૧૪મી વિધાનસભામાં વિધાનસભાના ૧૧ સત્રો યોજાયા અને વિધાનસભાના કામકાજના દિવસોમાં પણ ઘટાડો અગાઉની વિધાનસભાના કાર્યકાળની તુલનામાં ઘટ્યા.
- ૧૪મી વિધાનસભાના અગિયારમા સત્રમાં ગાંધીનગરની ગુજરાત નેશનલ લૉ યુનિ.નું સુધારા વિધેયક સર્વાનુમતે પસાર થયુ હતુ.
- ૧૪મી વિધાનસભાના ૧૧મા સત્રમાં રજુ થયેલા ૬ પૈકી ૫ વિધયેકો સર્વાનુમતે પસાર થયા.
- ૧૧મા સત્રમાં બે દિવસમાં ૧૫ અહેવાલ અને ૨૭ જેટલી અધિસૂચનાઓ રજુ થઈ હતી.



આવ્યા 'માઁ'નાં નોરતા - આદ્યશક્તિ મા-જગદંબાની આરાધનાના પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે... ત્યારે બજારોમાં નવરાત્રીમા ચણીયાચોળી, ઓર્નામેન્ટ્સ તથા અન્ય ખરીદીમાં મહિલાઓ વ્યસ્ત બની છે... હજારમાં આ વર્ષે અવનવી ડિઝાઈન, કલર અને ફિલ્મી સ્ટાઈલની કોટી-ચણીયાચોળીનું ભારે આકર્ષણ જોવા મળ્યું છે.

# ઓબીસી અનામત મુદ્દે કોંગ્રેસના ૧૦ ધારાસભ્યો સસ્પેન્ડ

**સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ઓબીસીને ૨૭ ટકા અનામત અને જાતિ આધારિત વસ્તી ગણતરી કરવા માટેની માંગ સાથે વિપક્ષે વેલમાં બેનરો પ્રદર્શિત કરી હંગામો મચાવ્યો**

ગાંધીનગરઃ તા.૨૨
ગુજરાત વિધાનસભામાં આજે ફરી કોંગ્રેસના ૧૦ સભ્યોને સસ્પેન્ડ કરવામાં આવ્યાં હતાં. આજે ગૃહમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં ઓબીસીને અનામત આપવા તેમજ જાતિ આધારિત વસ્તી ગણતરી અંગે વિપક્ષે ચર્ચાની માંગ સાથે ગૃહમાં બેનરો પ્રદર્શિત કરીને સૂત્રોચાર કર્યા હતાં જેને કારણે અધ્યક્ષા ડો. નીમાબેન આચાર્યએ વેલમાં ધસી આવેલા કોંગ્રેસના ૧૦ ધારાસભ્યોને ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કર્યા હતાં.

આજે ચોમાસું સત્રના અંતિમ દિવસે ગુજરાત વિધાનસભા ગૃહમાં નેશનલ લો યુનિવર્સિટી સુધારા વિધેયક પર ચર્ચા ચાલુ હતી તે દરમિયાન કોંગ્રેસના ધારાસભ્યોએ ચર્ચાને નવી દિશામાં લઈ જવાના પ્રયાસ સાથે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ઓબીસી વર્ગને અનામત આપવા તેમન જાતિ આધારિત વસ્તી ગણતરી કરવા બાબતે એક કલાકની ચર્ચા માટે સમય ફાળવવા માંગ કરી હતી. જોકે વિપક્ષની ચર્ચાની માંગ વિધાનસભા અધ્યક્ષે ના સ્વિકારતા કોંગ્રેસના ધારાસભ્યોએ સુત્રોચ્ચાર શરૂ કરી દીધાં હતા અને તે સાથે સાથે ગૃહમાં બેનરો પ્રદર્શિત કર્યા હતા અને ગૃહની કાર્યવાહી ખોરવી નાખી હતી. આ હોબાળા દરમિયાન કોંગ્રેસના ધારાસભ્ય બળદેવજી ઠાકોર બેનર સાથે ટ્રેઝરી બેંચ પર બેસેલા કેબિનેટ સંસદીય મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી તરફ દોડી જઈને વિરોધ પ્રદર્શિત કરવાનો પ્રયાસ કરતાં સાર્જન્ટોએ બળદેવજીને પકડીને તેમની બેઠક તરફ લઈ ગયા હતા. આ દરમ્યાન વિધાનસભા અધ્યક્ષે ચર્ચાની કોંગ્રેસની માંગણી ના સ્વીકારતા કોંગ્રેસના ધારાસભ્યો વેલમાં ધસી આવ્યાં હતા અને વેલમાં જ બેસીને સુત્રોચ્ચાર કરવા લાગ્યાં હતાં. અધ્યક્ષાની વારંવાર વિનંતી છતાં કોંગ્રેસના ધારાસભ્યો પોતાની જગ્યાએ પરત ના ફરતા વિધાનસભા અધ્યક્ષ ડો. નીમાબેન આચાર્યએ વેલમાં આવેલા કોંગ્રેસના ૧૦ ધારાસભ્યોને ગૃહમાંથી સસ્પેન્ડ કરવાનો આદેશ કરતા સર્જન્ટો આ ધારાસભ્યોને ગૃહમાંથી બહાર લઈ ગયા હતા. જોકે કોંગ્રેસના ધારાસભ્યોને ગૃહમાંથી સસ્પેન્ડ કરાતા જ કોંગ્રેસના બાકી સભ્યોએ પણ ગૃહમાંથી વોકઆઉટ કર્યો હતો અને વિધાનસભાની અંદર લોબીમાં ફરીને સૂત્રોચાર કર્યા હતા. કોંગ્રેસના સિનિયર ધારાસભ્ય અમિત ચાવડાએ સરકાર પર પ્રહારો અને આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે "ભાજપ સરકાર ઓબીસી સહિતના વર્ગોને અન્યાય કરી રહી છે. પછાત વર્ગો માટેની યોજનાઓમાં રાજ્ય સરકાર બજેટમાં પૂરું બજેટ ફાળવતી નથી. ઓબીસીને ૨૭ ટકા અનામત આપવા અને જાતિ આધારિત વસ્તી ગણતરી કરવા માટે અમારી માંગણી છે."

# આરોગ્યકર્મીઓને ૪ હજારનો ઉચ્ચક પગાર વધારો મળશે

**આરોગ્ય કર્મીઓને લઇને રાજ્ય સરકારનો નિર્ણય : ટ્રાવેલ્સ એલાઉન્સ અને ૧૩૦ દિવસના રજા પગાર અપાશે, બે દિવસમાં રાજ્ય સરકાર માંગણી સ્વીકારવાનો ઠરાવ કરશે**

ગાંધીનગર,તા.૨૨
આંદોલન પર ઉતરેલા આરોગ્યકર્મીઓને લઈ રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. આ અંગે સરકારના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જાહેરાત કરતાં કહ્યું કે આરોગ્યકર્મીઓને રૂ.૪ હજારનો ઉચ્ચક પગાર વધારો મળશે. ટ્રાવેલ્સ એલાઉન્સ અને ૧૩૦ દિવસના રજા પગાર અપાશે. બે દિવસમાં રાજ્ય સરકાર માંગણી સ્વીકારવાનો ઠરાવ કરશે.આ જાહેરાત કરતાં સરકારે આરોગ્ય કર્મચારીઓને સેવા પર પરત ફરવા વિનંતી કરી છે. મહત્વનું છે કે છેલ્લા ૪૨ દિવસથી આરોગ્યકર્મીઓ હડતાળ પર ઉતર્યા હતા. જે બાદ આંદોલન માટે રચાયેલી ૫ મંત્રીઓની કમિટી સતત

● અનુસંધાન પાન-૭ પર

# મનપાની લેન્ડફિલ્ડ સાઈટ ડેવલપ ન થતાં હવામાં પ્રદૂષણ વધ્યુ છે : અહેવાલ

ગાંધીનગર, તા. ૨૨
ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ઘન કચરાનો અવૈજ્ઞાનિક નિકાલ બાબતે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા નિર્દેશ કરાયા હોવા છતાં તે સાઈટ વિકસીત કરવામાં ન આવતાં ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષકે તેના અહેવાલમાં નારાજગી વ્યક્ત કરી છે.

આજે હવા પ્રદૂષણ નિયંત્રણ અંગેના ગૃહમાં રજુ થયેલા અહેવાલમાં જણાવ્યા મુજબ યોગ્ય કાર્યવાહી ન થતાં હવાનું પ્રદૂષણ વધ્યુ છે. આ મુદ્દે ૨૦૧૬, ૨૦૧૭, ૨૦૧૯માં ધ્યાન દોરવા છતાં પણ કાર્યવાહી કરવામાં આવી નથી.

ગાંધીનગર મહાનગરપાલિકા ગાંધીનગર ખાતે સાબરમતી

● અનુસંધાન પાન-૭ પર

# ડેપોમાં તસ્કર ટોળકી સક્રિય, મહીલાનો મોબાઈલ ચોરાયો

ગાંધીનગર તા ૨૨
ગાંધીનગર એસ ટી ડેપોમાં તસ્કર ટોળકીઓ સક્રીય છે. એસ ટી ડેપોમાં રોજબરોજ પીક પોકેટીંગ સહીત મોબાઈલની ઉઠાંતરી થતી હોવાની ફરિયાદો ઉઠતી રહે છે. ડેપો સંકુલમાં જાણભેદુ ગઠીયાઓ ગમે ત્યારે મુસાફરોના ખિસ્સામાં હાથફેરો કરવા માટેની તક છોડતા નથી જયારે હવે તહેવારો નજીક આવતા ડેપો સંકુલમાં ગઠીયાઓની ગેંગ સક્રીય થઈ છે. ગાંધીનગર ડેપોમાંથી ગત તા ૧૭ સપ્ટેમ્બરના રોજ બસમાં ચઢતી વેળાએ કોઈ ગઠીયાએ મહીલાનો મોબાઈલ સેરવી લીધો હતો. અંદાજિત ૪૯ હજારની કીંમતના મોબાઈલની ઉઠાંતરી સંદર્ભે દાહોદના શંકુન્તલાબેન ચૌહાણે સે-૭ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. એસ ટી ડેપોમાં ચોર ગઠીયાઓ વારંવાર તકનો લાભ ઉઠાવી મુસાફરોના ખિસ્સામાંથી પાકીટ કે મોબાઈલ સહીતની કીંમતી ચીજવસ્તુઓની ઉઠાંતરી કરી જાય છે. ડેપો સંકુલમાં છેલ્લા બે દાયકાથી પોલીસ ચોકી કાર્યરત કરવાના મામલે હજુ સુધી કોઈ

● અનુસંધાન પાન-૭ પર

# લેકાવાડામાં ગ્રીન થીમ પર જીટીયુનું અદ્યતન બિલ્ડીંગ બાંધવામાં આવશે

**વિશ્વની સર્વશ્રેષ્ઠ ટેકનિકલ યુનિવર્સિટીનુ સ્વપ્ન સાકાર કરવા લેકાવાડામા ૧૦૦ એકર જમીનમાં અદ્યતન ૧૭ ભવનો બાંધવામાં આવશે : નવા બિલ્ડીંગ માટે રૂ ૨૭૫ કરોડની ગ્રાન્ટને મંજુરી : આગામી ૨૭ મી એ કેન્દ્રીય મંત્રી અમિત શાહના હસ્તે ભુમિપુજન : એન્જિનિયરીંગ, ફાર્મસી, મેનેજમેન્ટ, પરીક્ષા ભવન, લાઇબ્રેરી હોસ્ટેલ, રહેણાંક માટે બંગલા, કાફેટીરીયા તૈયાર કરાશે**






ગાંધીનગર તા ૨૨
ગુજરાત ટેકનિકલ યુનિવર્સિટીનુ નવુ સંકુલ લેકાવાડા ખાતે તૈયાર કરાશે અંદાજિત ૧૦૦ એકર જગ્યામાં આ યુનિવર્સિટીના સંકુલને અનુલક્ષી વિવિધ ૧૭ જેટલા ભવન તૈયાર કરાશે આગામી તા ૨૭ સપ્ટેમ્બરના રોજ આ કાર્યયોજનાને અનુલક્ષી કેન્દ્રીય મંત્રી અમિત શાહના હસ્તે ભુમિપુજન કરવામાં આવશે. જયારે પ્રોજેકટ અન્વયે એન્જિયરિંગ , ફાર્મસી, મેનેજમેન્ટ, પરીક્ષા ભવન, હોસ્ટેલ, લાઈબ્રેરી, અધિકારીઓના બંગલા સહીતની સુવિધા ઉભી કરાશે ગ્રીન બિલ્ડીંગની થીમ પર આધારિત આ પ્રોજેકટ અન્વયે આર્યુવેદિક સહીત વિવિધ પ્રકારના કુલ ૭ હજાર રોપાઓની વાવણી પણ કરાશે સમગ્ર સંકુલ સોલાર પ્રોજેકટથી સંચાલિત રહેશે જયારે વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી ઓડીટોરીયમ હોલ અને સાઈકલ ટ્રેક પણ બનાવાશે. યોજનાને અનુલક્ષી અંદાજિત રૂ ૨૭૫ કરોડની ગ્રાન્ટ મંજુર કરવામાં આવી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે જી ટી યુના નવિન કેમ્પસને અનુલક્ષી આગામી તા ૨૭ સપ્ટેમ્બરના રોજ ભુમિપુજન કરવામાં આવશે. ગુજરાતમાં વિશ્વની સર્વશ્રેષ્ઠ ટેકનિકલ

● અનુસંધાન પાન-૭ પર

# સચિવાલયના એસી પ્લાન્ટની સર્વિસ માટે ત્રણ મહીના બંધ રહેશે

**૪૦ લાખની બચત થશે : એ સી પ્લાન્ટની સર્વિસ અને રીપેરીંગ સહીતની કામગીરી પાછળ અંદાજિત ૧૬ કરોડનો ખર્ચ કરાશે**

ગાંધીનગર તા ૨૨
સચિવાલય સંકુલમાં આગામી દિવસોમાં એ સી પ્લાન્ટની સર્વિસ હાથ ધરવામાં આવશે જયારે આ તોતિંગ એ સી પ્લાન્ટની સર્વિસને અનુલક્ષી અંદાજિત ૧૬ કરોડનો ખર્ચ કરાશે એ સી પ્લાન્ટની સર્વિસ માટે ત્રણ મહીના પ્લાન્ટ બંધ રહેશે અંદાજિત ૧૦૫૦ ટનના પ્લાન્ટની સર્વિસ અને રીપેરીંગનુ કામ આગામી ઠંડીના દિવસોમાં શરૂ કરાશે જયારે પ્લાન્ટ બંધ રહેતા વિજબીલમાં અંદાજિત ૪૦ લાખ જેટલી બચત થશે

ગાંધીનગરમાં અનેકવિધ સરકારી કચેરીઓ કાર્યરત છે. જયારે સરકારી કચેરીમાં વિજળી અને પાણીનો વિશેષ ઉપયોગ થાય છે. હજારોની સંખ્યામાં આવતા કર્મચારીઓ તેમજ મુલાકાતીઓને પણ પુરતી સુવિધા મળી રહે તે માટે સુવિધા પાછળ તોતિંગ ખર્ચ કરવામાં આવે છે. જયારે આ સુવિધાઓને અનુલક્ષીને સમયાંતરે જાળવણી કરવા માટે પણ વિશેષ ખર્ચની જોગવાઈ કરવામાં આવે છે. સચિવાલયના એ સી પ્લાન્ટને અનુલક્ષીને પણ સમારકામ હાથ ધરવામાં આવશે આ ઓપરેશન પાછળ અંદાજિત રૂ ૧૬ કરોડનો ખર્ચ કરવામાં આવશે. શિયાળાની ઠંડીના દિવસોમાં આમ પણ સચિવાલયનો એ સી પ્લાન્ટ બંધ હાલતમાં હોય છે. ત્યારે ઠંડીના દિવસોમાં આ સમારકામ હાથ ધરવાની કાર્યયોજના પણ તૈયાર કરી દેવામાં આવી છે. આમ તો ૧૫ નવેમ્બરથી ૧૫ ફેબ્રુઆરીના સમયગાળા દરમિયાન એ સી પ્લાન્ટ બંધ રાખવામાં આવતો હોય છે. જયારે સચિવાલય સંકુલના તોતિંગ એ સી પ્લાન્ટ આ દિવસોમાં બંધ રહેતા વિજબીલમાં પણ તોતિંગ બચત થાય છે જેનો આંક પણ અંદાજિત રૂ ૪૦ લાખથી વધુ છે. જયારે આ સમયગાળામાં એ સી પ્લાન્ટ બંધ કરીને ચકાસણી , સાફ સફાઈ તેમજ જરૂરી સમારકામ હાથ ધરવામાં આવે છે. જેમાં કોમ્પ્રેસર , પાઈપલાઈન સહીતની કામગીરીને અનુલક્ષી સર્વિસ કામ હાથ ધરવામાં આવે છે. જયારે સચિવાલય સંકુલમાં પ્લાન્ટ બંધ રાખવાના મામલે તમામ મંત્રીઓ , સચિવો તેમજ વિભાગના વડાઓને ધ્યાન દોરવામાં આવે છે. જો કે ઠંડીના દિવસોમાં એ સી ની જરૂરિયાત ન રહેતી હોવાથી પ્લાન્ટ બંધ રહેવાથી કોઈ હેરાનગતિ પડતી નથી તો બીજીતરફ સમારકામ પણ થઈ જાય છે. સચિવાલયના બધા બ્લોકમાં કાર્યરત પ્લાન્ટ ૧૦૫૦ ટનની ક્ષમતા ધરાવે છે. જયારે આ પ્લાન્ટ એક દિવસ કાર્યરત રહે તો ૪૦ હજારની વિજળીનો ઉપયોગ થાય છે. જયારે મહીનામાં ૨૫ દિવસની આસપાસ પ્લાન્ટ કાર્યરત હોય છે જેના લીધે મહીને ૧૨ લાખની આસપાસ વિજબીલ પહોંચે છે. જયારે જાળવણી માટે પ્લાન્ટ બંધ રાખવામાં આવે ત્યારે વિજબીલની રકમમાં લાખોની બચત પણ થાય છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૦૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

# એસટી બસમાં ગ્રામિણ વિદ્યાર્થીઓને મફત પાસની યોજનાનો અમલ હજુ ન થતા રોષ

**ગાંધીનગર આસપાસના ગામોમાંથી પણ અભ્યાસ માટે અપડાઉન કરતા વિદ્યાર્થીઓની સંખ્યા વિશેષ : નવા શૈક્ષણિક વર્ષના ચાર મહીના બાદ પણ યોજનાનો અમલ અધ્ધરતાલ : રાજયના ૧૨ લાખ વિદ્યાર્થીઓ પ્રભાવિત**

ગાંધીનગર તા ૨૨
નવુ શૈક્ષણિક વર્ષ શરૂ થયાના ચાર મહીનાના અંતે પણ વિદ્યાર્થીઓ માટે જાહેર કરાયેલી મફત પાસ યોજનાનો હજુ અમલ ન થતો હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ગામડાઓમાંથી શહેરમાં અભ્યાસ અર્થે આવતા વિદ્યાર્થીઓની સંખ્યા પણ વિશેષ છે. રાજયમાં ૧૨ લાખ જેટલા વિદ્યાર્થીઓ ગામડામાંથી શહેરમા અભ્યાસ માટે અપડાઉન કરે છે. જયારે ગાંધીનગર જિલ્લામાં પણ ગામોમાંથી શહેરમાં અપડાઉન કરતા વિદ્યાર્થીઓની સંખ્યા વિશેષ છે. જયારે વિદ્યાર્થીઓને મફત પાસ આપવાની યોજનાનો અમલ પણ ઝડપથી થાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

સરકાર દ્વારા વિવિધ યોજનાઓની જાહેરાત કરવામાં આવે છે. પરંતુ તેનો અમલ થતા વર્ષોનો સમય વિતી જાય છે. આવી જ એક યોજના એસ ટી બસને અનુલક્ષી વિદ્યાર્થીઓ માટે પણ જાહેર કરવામાં આવી છે. જેમાં સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ના નવા શૈક્ષણિક સત્રના પ્રારંભથી ગ્રામિણ વિદ્યાર્થીઓ માટે એસ ટી બસમાં મુસાફરી નિઃશુલ્ક કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. વિધાનસભામાં રજુ થયેલા બજેટમાં નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ નવી જોગવાઈ સુચવી હતી. જયારે બજેટ મંજુરીના અંતે નિતી વિષયક

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com